### કેશલેસ ઇન્ડિયાની થીમ | ડિજીટલ ઇન્ડિયાની થીમ પર વડોદરાવાસીઓ દોડશે

# શહેરમાં પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય ફુલમેરેથોન

## 200થી વધારે આંતરરાષ્ટ્રીય દોડવીરો ભાગ લેશે: દિવ્યાંગો માટે 1 કિમીની મેરેથોન

સિટી રિપોર્ટર | વડોદરા

આગામી 5મી ફેબ્રુઆરીના રોજ શહેરમાં સૌપ્રથમ વખત ફૂલ મેરેથોન યોજાશે. નવલખી મેદાન ખાતેથી શરૂ થનાર મેરેથોન 42 કિમીનો રૂટ રહેશે. મેરેથોનને ફ્લેગઓફ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે કરવામાં આવશે. પ્રથમ વાર યોજાનારી ફૂલ મેરેથોનમાં 200થી વધારે આંતરરાષ્ટ્રીય દોડવીરો ભાગ લેશે. અત્યાર સુધીમાં 32 હજાર લોકોએ રજીસ્ટ્રેશન નોંધાવ્યા છે. દોડો ડિજીટલ ઇન્ડીયા કદમ કદમ પર કેશલેસ ઇન્ડિયાની થીમ પર મેરેથોનનુ આયોજન કરવામાં આવ્યુ છે.

વડોદરા મેરેથોન વિશે માહિતી આપવા માટે આયોજીત પત્રકાર પરિષદમાં તેજલ અમીન, ક્રિકેટર ભાઇઓ ઇરફાન પઠાણ, યુસુફ પઠાણ, રમત ગમત મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, એઆઇએમએસના હ્યુગ જેમ્સ સહિત સ્પોન્સર્સ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય આયોજક તેજલ અમીને જણાવ્યુ કે મેરેથોનના મુખ્ય સ્પોન્સર્સ ઓપાલ છે. મેરેથોનની શરૂઆત નવલખીથી જેલરોડ થઇને જીઆઇપીસીએલ પહોંચશે. જ્યાં 21.19 કિમી પૂર્ણ થશે. પરત આજ રૂટ પર આવશે. આ સમગ્ર રૂટ પર વોટર પોઇન્ટ, મેડિકલ પોઇન્ટ, સ્પોન્જ પોઇન્ટ, ઓરેન્જ પોઇન્ટ, ટોઇલેટ પોઇન્ટ અને કેમ્પ રીલીફ પોઇન્ટ ઉભા કરવામાં આવશે. 42 કિમી ફૂલ મેરેથોનની સાથે 21 કિમી હાફ મેરેથોન, 10 કિમી નોર્મલ રન, 5 કિમી સ્વચ્છતા રન, 5 કિમી પ્લેજ રન, 5 કિમી જવાન રન, 21 કિમીની રીલે રન, 1 કિમીની દિવ્યાંગ રન યોજાશે. દિવ્યાંગોની અલગ અલગ કેટેગરીમાં કુલ 1 લાખ રૂપિયાના ઇનામો આપવામાં આવશે. મેરેથોનમાં કુલ 30 લાખ રૂપિયાના ઇનામો અપાશે.



મેરેથોન વિશે માહિતી આપતાં તેજલ અમીન સાથે અન્ય આગેવાનો.




### રાત્રીના સમયે રૂટ નક્કી કરવા કામગીરી

આંતરરાષ્ટ્રીય મેરેથોન કમીટીના સેક્રેટરી હ્યુજ જેમ્સ મેરેથોનના રૂટની માપણી કરવા માટે રાત્રીના સમયે ટ્રાફિક ઓછો હોય તે સમયે માપણીની કામગીરી કરે છે.

### રેકર્ડ તોડનારને ₹1 લાખનું ઇનામ

વડોદરામાં આયોજીત મેરેથોનમાં ફૂલ મેરેથોનનો રેકર્ડ અને મહિલાઓ માટે હાફ મેરેથોનનો રેકર્ડ તોડનાર દોડવીરને 1 લાખ રૂપિયાનુ વધારાનુ ઇનામ આપવામાં આવશે. શિવનાથ સીંગના નામ રેકર્ડ છે.

### આંતરરાષ્ટ્રીય સ્તર પર નજર

વડોદરામાં 5મી ફેબ્રુઆરીના રોજ યોજાનારી ફૂલ મેરેથોન દોડમાં આંતરરાષ્ટ્રીય એક્સ્પોઝર આપવાના આશયથી ફૂલ મેરેથોનનુ આયોજન કરવામાં આવ્યુ છે. ફૂલ મેરેથોનમાં 200થી વધારે આંતરરાષ્ટ્રીય રજીસ્ટ્રેશન થયાં છે.

### ટાઇઅપ પણ કરવામાં આવ્યું

મેરેથોનમાં 40 જેટલી એનજીઓ ભાગ લઇ રહી છે મેરેથોન સાથે જોડાનાર દરેક એનજીઓને મદદ કરવા માટે લેટ્સએન્ડોર્સએનજીઓ.કોમ નામના પોર્ટલ સાથે ટાઇઅપ કરવામાં આવ્યુ છે.